# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૨-૨૩ પરીણામ જાહેરનામું"**

**"National means cum merit Scholarship Exam-2022-23 Result Notification"**

જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૩/૪૦૯૯-૪૧૭૨ તા:૩૧/૦૩/૨૦૨૩

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટસ્કોલરશીપ (N.M.M.S) યોજના શિક્ષા મંત્રાલય,ન્યુ દિલ્હી તરફથી અમલમાં મુકવામાં આવેલ છે.

ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા:૧૮/૦૭/૨૦૨૨ના પત્ર અન્વયે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૯/૧૨/૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૨/૧૨૪૭૬-૧૨૫૬૨થી આ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે તા:૧૨/૦૨/૨૦૨૩ (રવિવાર) ના રોજ સવારે ૧૧.૦૦ કલાક થી બપોરે ૧૪.૦૦ કલાક દરમિયાન રાજ્યના તમામ તાલુકા મથકે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૨-૨૩ (National means cum merit Scholarship Exam)નું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા.૧૫/૦૨/૨૦૨૩ ના રોજ તેમજ વિધાર્થીની OMR તા:૨૨/૦૨/૨૦૨૩ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે વિદ્યાર્થી રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા:૧૫/૦૨/૨૦૨૩થી તા:૨૨/૦૨/૨૦૨૩ (રાત્રે ૨૩.૫૯.૫૯ કલાક) સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે બોર્ડના ઇ-મેઇલ એડ્રેસ (gseb21@gmail.com) પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીના ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજૂઆતો અને આધારોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરો પૈકી કેટલાક ઉત્તરોમાં સુધારા કરવા ભલામણ કરેલ હતી. જે અન્વયે આ કચેરી દ્વારા તજજ્ઞ સમિતિની ભલામણના આધારે ઉત્તરોમાં સુધારા કરી બોર્ડની વેબસાઇટ પર તા:૦૬/૦૩/૨૦૨૩ ના રોજ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૨/૦૨/૨૦૨૩ (રવિવાર) ના રોજ યોજાયેલ નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૨-૨૩નું પરીણામ તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ તથા મેરીટ યાદી તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર જાહેર કરવામાં આવેલ છે.

❖ <u>પરીક્ષાનાપરીણામની વિગતો:</u>

| ક્રમ | જિલ્લાનુંનામ | નોંધાયેલવિદ્યાર્થીઓની સંખ્યા | ઉપસ્થિતવિદ્યાર્થીઓનીસંખ્યા | અનઉપસ્થિતવિદ્યાર્થીઓની સંખ્યા | ક્વૉલીફાઇગ ગુણમેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા | મેરીટમાં આવેલવિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| 1 | AHMEDABAD CITY | 6871 | 6483 | 388 | 2699 | 372 |
| 2 | AHMEDABAD RURAL | 6053 | 5771 | 282 | 2453 | 159 |
| 3 | AMRELI | 5190 | 4933 | 257 | 2634 | 122 |
| 4 | ANAND | 7486 | 7182 | 304 | 2722 | 182 |
| 5 | ARAVALLI | 5256 | 5039 | 217 | 2108 | 90 |
| 6 | BANASKANTHA | 16085 | 15550 | 535 | 8502 | 312 |
| 7 | BHARUCH | 4690 | 4530 | 160 | 2292 | 132 |
| 8 | BHAVNAGAR | 10028 | 9579 | 449 | 5456 | 218 |
| 9 | BOTAD | 2962 | 2813 | 149 | 1560 | 63 |
| 10 | CHHOTAUDEPUR | 3634 | 3477 | 157 | 1685 | 72 |
| 11 | DEVBHOOMI DWARKA | 3021 | 2812 | 209 | 1651 | 63 |
| 12 | DOHAD | 10846 | 10331 | 515 | 4883 | 189 |
| 13 | GANDHINAGAR | 5265 | 4971 | 294 | 2130 | 136 |
| 14 | GIR SOMNATH | 5150 | 5015 | 135 | 3106 | 121 |
| 15 | JAMNAGAR | 4240 | 3921 | 319 | 2210 | 108 |
| 16 | JUNAGADH | 4458 | 4250 | 208 | 2491 | 126 |
| 17 | KACHCHH | 7236 | 6795 | 441 | 3810 | 190 |
| 18 | KHEDA | 8274 | 7769 | 505 | 2291 | 182 |
| 19 | MAHESANA | 7503 | 7194 | 309 | 3543 | 178 |
| 20 | MAHISAGAR | 4264 | 4105 | 159 | 1646 | 92 |
| 21 | MORBI | 3298 | 3135 | 163 | 1695 | 83 |
| 22 | NARMADA | 2569 | 2415 | 154 | 1348 | 48 |
| 23 | NAVSARI | 4344 | 4248 | 96 | 3138 | 97 |
| 24 | PANCH MAHALS | 7841 | 7415 | 426 | 2519 | 154 |
| 25 | PATAN | 5617 | 5383 | 234 | 2537 | 128 |
| 26 | PORBANDAR | 1846 | 1747 | 99 | 1051 | 51 |
| 27 | RAJKOT | 7282 | 6999 | 283 | 3810 | 240 |
| 28 | SABAR KANTHA | 6812 | 6554 | 258 | 3071 | 121 |
| 29 | SURAT | 12103 | 11589 | 514 | 6738 | 451 |
| 30 | SURENDRANAGAR | 6640 | 6240 | 400 | 3212 | 141 |
| 31 | TAPI | 3107 | 3044 | 63 | 2034 | 62 |
| 32 | THE DANGS | 1345 | 1288 | 57 | 728 | 27 |
| 33 | VADODARA | 6320 | 6053 | 267 | 2535 | 246 |
| 34 | VALSAD | 5724 | 5507 | 217 | 3515 | 140 |
| | **Total** | **203360** | **194137** | **9223** | **97803** | **5096** |

❖ જિલ્લાવાર-કેટેગરીવારક્વોટા, મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા કટઓફ ગુણની વિગતો

| District | Total Quota | General | | | SC | | | ST | | | PH | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | General | | SC | | ST | |
| | | Quota | No of Students | Cut off Marks | Quota | No of Students | Cut off Marks | Quota | No of Students | Cut off Marks | Quota | No of Students | Cut off Marks | No of Students | Cut off Marks | No of Students | Cut off Marks |
| AHMEDABAD CITY | 372 | 286 | 286 | 97 | 26 | 26 | 93 | 55 | 55 | 71 | 5 | 5 | 61 | | | | |
| AHMEDABAD RURAL | 159 | 124 | 124 | 109 | 8 | 8 | 104 | 23 | 23 | 74 | 4 | 1 | 73 | 3 | 64 | | |
| AMRELI | 122 | 94 | 94 | 118 | 8 | 8 | 112 | 18 | 18 | 73 | 2 | 2 | 69 | | | | |
| ANAND | 182 | 138 | 138 | 109 | 12 | 12 | 101 | 27 | 27 | 76 | 5 | 5 | 69 | | | | |
| ARAVALLI | 90 | 69 | 69 | 114 | 6 | 6 | 106 | 13 | 13 | 104 | 2 | 2 | 93 | | | | |
| BANASKANTHA | 312 | 237 | 237 | 123 | 20 | 20 | 118 | 46 | 46 | 81 | 9 | 8 | 69 | 1 | 81 | | |
| BHARUCH | 132 | 104 | 104 | 103 | 8 | 8 | 93 | 19 | 19 | 98 | 1 | | | 1 | 72 | | |
| BHAVNAGAR | 218 | 165 | 165 | 124 | 15 | 15 | 115 | 32 | 32 | 64 | 6 | 6 | 71 | | | | |
| BOTAD | 63 | 49 | 49 | 122 | 4 | 4 | 111 | 9 | 9 | 86 | 1 | 1 | 136 | | | | |
| CHHOTAUDEPUR | 72 | 57 | 57 | 94 | 5 | 5 | 79 | 9 | 9 | 93 | 1 | | | | | 1 | 67 |
| DOHAD | 189 | 145 | 145 | 99 | 13 | 13 | 86 | 26 | 26 | 97 | 5 | 3 | 67 | | | 2 | 66 |
| THE DANGS | 27 | 22 | 22 | 99 | 1 | 1 | 83 | 4 | 4 | 97 | 0 | | | | | | |
| DEVBHOOMI DWARKA | 63 | 50 | 50 | 123 | 4 | 4 | 107 | 9 | 9 | 88 | 0 | | | | | | |
| GANDHINAGAR | 136 | 104 | 104 | 110 | 9 | 9 | 103 | 20 | 20 | 80 | 3 | 3 | 60 | | | | |
| GIR SOMNATH | 121 | 93 | 93 | 127 | 7 | 7 | 120 | 18 | 18 | 75 | 3 | 2 | 58 | 1 | 87 | | |
| JAMNAGAR | 108 | 83 | 83 | 119 | 7 | 7 | 115 | 15 | 15 | 87 | 3 | 2 | 78 | | | 1 | 63 |
| JUNAGADH | 126 | 98 | 98 | 121 | 8 | 8 | 113 | 18 | 18 | 90 | 2 | 2 | 78 | | | | |
| KHEDA | 182 | 138 | 138 | 105 | 12 | 12 | 95 | 27 | 27 | 66 | 5 | 5 | 65 | | | | |
| KACHCHH | 190 | 144 | 144 | 116 | 13 | 13 | 113 | 28 | 28 | 75 | 5 | 5 | 58 | | | | |
| MAHISAGAR | 92 | 72 | 72 | 110 | 6 | 6 | 99 | 12 | 12 | 101 | 2 | 1 | 87 | | | 1 | 60 |
| MAHESANA | 179 | 137 | 137 | 123 | 11 | 11 | 113 | 26 | 25 | 58 | 5 | 4 | 70 | 1 | 98 | | |
| MORBI | 83 | 64 | 64 | 118 | 5 | 5 | 111 | 12 | 12 | 87 | 2 | 2 | 58 | | | | |
| NARMADA | 48 | 38 | 38 | 99 | 3 | 3 | 80 | 6 | 6 | 96 | 1 | | | | | 1 | 67 |
| NAVSARI | 97 | 76 | 76 | 120 | 6 | 6 | 107 | 14 | 14 | 112 | 1 | 1 | 82 | | | | |
| PANCH MAHALS | 154 | 118 | 118 | 105 | 10 | 10 | 90 | 22 | 22 | 92 | 4 | 3 | 60 | | | 1 | 72 |
| PATAN | 128 | 98 | 98 | 117 | 8 | 8 | 109 | 19 | 19 | 68 | 3 | 3 | 58 | | | | |
| PORBANDAR | 51 | 40 | 40 | 117 | 3 | 3 | 113 | 7 | 7 | 94 | 1 | 1 | 110 | | | | |
| RAJKOT | 240 | 182 | 182 | 113 | 15 | 15 | 107 | 36 | 36 | 82 | 7 | 6 | 66 | 1 | 71 | | |
| SABAR KANTHA | 121 | 93 | 93 | 116 | 7 | 7 | 112 | 18 | 18 | 98 | 3 | 2 | 73 | 1 | 64 | | |
| SURAT | 451 | 347 | 347 | 122 | 30 | 30 | 103 | 65 | 65 | 98 | 9 | 6 | 60 | 1 | 80 | 2 | 60 |
| SURENDRANAGAR | 141 | 110 | 110 | 117 | 9 | 9 | 114 | 21 | 21 | 90 | 1 | 1 | 103 | | | | |
| TAPI | 62 | 48 | 48 | 97 | 4 | 4 | 78 | 9 | 9 | 96 | 1 | 1 | 84 | | | | |
| VADODARA | 246 | 187 | 187 | 102 | 16 | 16 | 95 | 36 | 36 | 91 | 7 | 6 | 63 | 1 | 96 | | |
| VALSAD | 140 | 107 | 107 | 110 | 9 | 9 | 87 | 20 | 20 | 107 | 4 | 3 | 83 | | | 1 | 67 |
| **Grand Total** | **5097** | **3917** | **3917** | | **328** | **328** | | **739** | **738** | | **113** | **92** | | **11** | | **10** | |

## ❖ ક્વૉલીફાઇંગ ગુણ તથા મેરીટ યાદી તૈયાર કરવા અંગેના નિયમો:

- એન.એમ.એમ.એસ. પરીક્ષામાં બંન્ને વિભાગના મળીને કુલ ગુણમાંથી લઘુત્તમ ગુણ જનરલ,EWS તેમજ ઓ.બી.સી કેટેગરી માટે ૪૦% ગુણ (૭૨ ગુણ), એસ.સી, એસ.ટી.તથા પી.એચ. કેટેગરી માટે ૩૨% ગુણ (૫૮ ગુણ) ક્વોલીફાઇંગ ગુણ તરીકે ગણવામાં આવેલ છે.
- એન.એમ.એમ.એસ. પરીક્ષામાં બંન્ને વિભાગના ગુણના સરવાળાને કુલ ગુણ ગણી, તે મુજબ મેરીટ યાદી તૈયાર કરવામાં આવેલ છે.
- એન.એમ.એમ.એસ. પરીક્ષામાં જિલ્લાવાર નિયત થયેલ ક્વોટામાં સમાવિષ્ટ થવા માટે એક સરખા ગુણ ધરાવતા હોય તેવા એક કરતા વધુ વિદ્યાર્થીઓ હોય તો તેમની જન્મ તારીખ ધ્યાને લઇ ઉંમરમાં મોટા હોય તે વિદ્યાર્થીને અગ્ર ક્રમ આપવામાં આવેલ છે. જો આવા વિધાર્થીઓની જન્મ તારીખ પણ એક સરખી હોય ત્યારે તેમના નામના પ્રથમ અંગ્રેજી મુળાક્ષર મુજબ(A,B,C,D)પ્રમાણે અગ્ર ક્રમ આપવામાં આવેલ છે.
- એન.એમ.એમ.એસ. પરીક્ષામાં શિક્ષા મંત્રાલય, દિલ્હી દ્વારા ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવેલ કુલ <u>૫૦૯૭</u> ના ક્વૉટાને જિલ્લાવાર જનરલ, એસ.સી., એસ.ટી. તથા તે પૈકી પી.એચ અનામત પ્રમાણે શિષ્યવૃત્તિ ક્વોટા વહેંચી, જિલ્લાવાર કેટેગરીવાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવેલ છે.

## ❖ અગત્યની સૂચનાઓ

- પરીક્ષાની ફાઇનલ આન્સરી કી તથા મેરીટ યાદી વેબસાઇટના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.
- વિદ્યાર્થી પરીક્ષામાં મેળવેલ ગુણનું ગુણ પત્રક વેબસાઇટ પર આપેલ “Result” ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- આ ઉપરાંત મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ માટે પ્રમાણપત્ર વેબસાઇટ પર આપેલ “Result” ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકાશે.
- ક્વૉલીફાઇંગ ગુણ મેળવનાર તમામ વિદ્યાર્થી પૈકી નિયત ક્વૉટા અનુસાર મેરીટમાં આવેલ <u>૫૦૯૬</u> વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.
- મેરીટમાં આવનાર તમામ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતા ખોલાવી રાખવાના રહેશે તથા આધાર નંબર મેળવી લેવાનો રહેશે તથા આધાર નંબરનું બેંક ખાતા સાથે સીડીંગ કરી લેવાનું રહેશે. વિધાર્થી દ્વારા NMMS પરીક્ષાના આવેદનપત્ર ભરતી વખતે જે નામ દર્શાવેલ છે તે મુજબનું આધારકાર્ડમાં નામ હોવુ જરૂરી છે. જેથી સ્કૉલરશીપ મેળવવામાં સરળતા રહે.
- મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓ જો નિયત પાત્રતા ધરાવતા હોય તો તેઓને ધોરણ-૯ થી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે.
- શિષ્યવૃત્તિની રકમ સીધી વિદ્યાર્થીના બેંક ખાતામાં ભારત સરકારના શિક્ષા મંત્રાલય દિલ્હી દ્વારા જમા થનાર હોય, આ માટે વિદ્યાર્થીના બેંક ખાતાની તથા આધાર નંબરની વિગતો ધોરણ-૯ માં પ્રવેશ મેળવ્યા

બાદ આગામી સંભવિત જુન-૨૦૨૩માં નેશનલ સ્કૉલરશીપ પોર્ટલ (NSP) પર મેરીટમાં આવેલ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન દરખાસ્ત કરી શાળા દ્વારા વેરીફાઇ કરાવવાની રહેશે.

- મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓ પૈકી ધોરણ-૯ માં સરકારી શાળા અથવા ગ્રાન્ટેડશાળા અથવા લોકલ બોડી શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

સ્થળ: ગાંધીનગર

તારીખ:૩૧/૦૩/૨૦૨૩

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ <u>નકલ રવાના અમલાર્થે</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ),
  તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ),શાસનાધિકારીશ્રી, તમામ
  આપના તાબાહેઠળની તમામ શાળાઓનેજાણ કરવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

➢ <u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

- અંગત મદદનીશશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રી (કેબિનેટ કક્ષા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અંગત મદદનીશશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રી (રાજય કક્ષા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨,ગાંધીનગર.
- અંગત મદદનીશશ્રી, માન.સચિવશ્રી (પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, એન.એમ.એમ.એસ, શિક્ષા મંત્રાલય, ન્યુ દિલ્હી.